આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૨ | અંક: ૩ | સપ્ટેમ્બર - ૨૦૨૬
કિંમત: ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની મહારક્ષા મહાસાધના અને ૐ શ્રી ધનલક્ષ્મીકુબેર મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક શક્તિ પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંની અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની રક્ષા કરવાનો દિવસ. આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે આપેલા **મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે આપના ને આપના પરીવારજનોના નામ લખાવી દેવા.

**શુભ તારીખ**

**૦૭ - ૧૧ - ૨૦૨૬**
**શનિવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધ:**

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: 9429208997**



॥ ૐ નમઃ ॥

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં ઘણાં બધા ભક્તોના અનુભવોની વાત અમે આપી શકતા નથી અને એટલે જ આ વખતે ભક્ત અનુભવના એક પેજમાં અમે વધારો કરીએ છીએ. ભક્ત અનુભવમાં જે ભક્તોને ઉત્તમ અનુભવ થાય છે શું મંત્ર કરતા હતા એ પણ માહિતી અમે આપીએ છીએ. એ માહિતી દેશ-વિદેશમાં ભક્તો સુધી પહોંચે છે અને એ મંત્રો કરવાથી પણ ભક્તોને ઘણો ફાયદો થયો છે.

આ મહિનાના મેગેઝિનમાં પરમ પૂજ્ય ગુરુજીની એક સત્યઘટના સાથે આપ સૌનો પરિચય થાય માટે આ મેગેઝિનમાં એને સ્થાન આપવામાં આવ્યું છે.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત એક ગઝલ રચના પ્રસ્તુત કરી રહ્યો છું.

## લગ

**નહીં પૂરો, છતાં લગ-ભગ પહોંચ્યો છું, ગગનની છેક હું તો લગ પહોંચ્યો છું.**
**જ્યાં ઈશ્વર જેવા ઈશ્વરની નથી ચાલતી, વિના કોઇ ભલામણ વગ પહોંચ્યો છું.**
**ઘગઘગતા એ પર્વત પર જવા માટે, લઇને નાગાપૂંગા પગ પહોંચ્યો છું.**
**અહીં અંધારાને આંખો દેવા કાજે, હું છોડી આ ઝગમગતું જગ પહોંચ્યો છું.**
**થયા પથ્થર ફાડે એવા પ્રબળ ઢીંચણ, હું ખાઇને ચણા ને મગ પહોંચ્યો છું.**

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ


ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ૐકાર સંપ્રદાય
માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**
ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ
**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)



૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**
પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

સપ્ટેમ્બર-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૨ | અંક: ૩
કિંમતરૂ.: ૧૦/-


|| ૐ નમઃ ||



# આસો નવરાત્રિના પાવન અવસરે માતા નવદુર્ગાની
## સંભુક-ત્રતાઊર્જા તેમજ તેમના આશીર્વાદની પ્રાપ્તિ માટે ચમત્કારિક મંત્રસાધના

નવરાત્રિના પાવન અવસરે દરેક ભક્તજન માતાની કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ કરવા માટે આતુર હોય છે. આજે આપને ખૂબ જ રહસ્યમય અને આપને આનંદિત કરી શકે એવા ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’ની વાત કહેવા માંગુ છું.

મનુષ્યનું અવતરણ પ્રથમ વખત જ્યારે આ પૃથ્વી ઉપર કરવામાં આવ્યું ત્યારે મનુષ્યની ઓરામાં દેવી પાર્વતીના તપ-સાધનાથી સર્જિત થયેલી ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’ પણ ૧% જેટલી મુકવામાં આવી. ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’ મુકવા પાછળનું રહસ્ય એ હતું કે મનુષ્ય એ ઊર્જાનો ઉપયોગ કરીને દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકે અને ધરતી ઉપર પડતા કષ્ટનું સમાધાન દૈવી શક્તિના માધ્યમથી પ્રાપ્ત કરી શકે, પરંતુ લાખો વર્ષનો સમય પસાર થતાં ઋષિમુનિઓએ ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’ વિશે જે જનમાનસને શાસ્ત્રને માધ્યમથી સમજૂતી આપી હતી એ વાત લુપ્ત થઈ ગઈ અને ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’નો ઉપયોગ કરવાનું માણસ જે સતયુગમાં ખૂબ જ કરતો હતો એ કળિયુગ આવતા-આવતા સાવ ભૂલી ગયો.

આજે આપને આ વાત હું કેમ કહી રહ્યો છું એ સવાલ આપના મનમાં ચોક્કસ થતો હશે. હું આજે આપને આ વાત એટલા માટે કહી રહ્યો છું કે ‘‘સંભુક-ત્રતા ઊર્જા’’નો ઉપયોગ કરી આપ પણ દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકો અને નવરાત્રિના પાવન અવસરે આપ શક્તિશાળી બનવાની દિશામાં આગળ વધી શકો.

દેવી પાર્વતીની તપ-સાધનાથી સર્જિત આ ઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો તે આપ શીખવા, જાણવા અને સમજવા સાચા અર્થમાં માંગતા હોય તો ૐ શ્રી દસ મહાવિદ્યા સાધના આપ મારી પાસેથી શીખી શકો છો. સંભુક-ત્રતા ઊર્જા એ આપને માતાની દિવ્ય ચેતના સાથે ૐ શ્રી દસ મહાવિદ્યાના માધ્યમથી જોડાણ કરાવી શકશે.

નવરાત્રિના પાવન અવસરે આપ ઘરેબેઠાં માતા નવદુર્ગાની સાધના કરી શકો તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપને માતા નવદુર્ગાની મંત્રસાધના આપી રહ્યો છું.

# માતા નવદુર્ગાની સંભુક-ત્રતા ઊર્જા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધનાની માહિતી

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર લાલ કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી નવદુર્ગા ઊર્જા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં વસ્ત્ર ઉપર ૪ (ચાર) આખી સોપારી, એક મુઠ્ઠી ચોખાની ઢગલી અને કંકુની એક ઢગલી કરવી. ત્યારબાદ નીચે આપેલા દિવ્ય મંત્રની રોજ ૨ (બે) માળા કરવી અને એકવાર ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯ દિવસ એટલેકે આસો નવરાત્રિના પ્રથમ દિવસથી ચાલુ કરીને નોમ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૮ થી ૧૦ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કોઈપણ કલરના વસ્ત્ર પહેરીને સાધના કરી શકાય. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન દશેરાના દિવસે કરવું. સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવું. |

## દિવ્ય મંત્ર

**॥ૐ નવદુર્ગા દુર્ગેશ્વરી ત્રતા નમઃ ॥**

## ૐ શ્રી નવદુર્ગા ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री शैलपुत्रीदेवीः ॥<br>॥ ६६ ॥ | ॥ ॐ श्री ब्रह्मचारिणीदेवीः॥<br>॥ ५५॥ | ॥ ॐ श्री चंद्रघंटादेवीः ॥<br>॥ ४४ ॥ |
| ॥ ॐ श्री कुष्माण्डादेवीः ॥<br>॥ ८८ ॥ | ॥ ॐ श्री स्कंदमातादेवीः ॥<br>॥ ३३ ॥ | ॥ ॐ श्री कात्यायनीदेवीः ॥<br>॥ २२ ॥ |
| ॥ ॐ श्री कालरात्रिदेवीः ॥<br>॥ २२२ ॥ | ॥ ॐ श्री महागौरीदेवीः ॥<br>॥ १११ ॥ | ॥ ॐ श्री सिद्धिदात्रीदेवीः ॥<br>॥ ९९ ॥ |

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૯-૨૦૨૬ | સોમવાર | ૐ ધનલક્ષ્મીદેવી | ૦૬-૧૦-૨૦૨૬ | મંગળવાર | ૐ તારાદેવી |
| ૨૨-૯-૨૦૨૬ | મંગળવાર | ૐ ગુરુલક્ષ્મીદેવી | ૦૭-૧૦-૨૦૨૬ | બુધવાર | ૐ ષોડશીદેવી |
| ૨૩-૯-૨૦૨૬ | બુધવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી | ૦૮-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૨૪-૯-૨૦૨૬ | ગુરુવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી | ૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધુમાવતીદેવી |
| ૨૫-૯-૨૦૨૬ | શુક્રવાર | ૐ કેતુલક્ષ્મીદેવી | ૧૦-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ મહાકાલીદેવી |
| ૨૬-૯-૨૦૨૬ | શનિવાર | ૐ રાહુલક્ષ્મીદેવી | ૧૧-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૨૭-૯-૨૦૨૬ | રવિવાર | ૐ મંગલલક્ષ્મીદેવી | ૧૨-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ શનિલક્ષ્મીદેવી |
| ૨૮-૯-૨૦૨૬ | સોમવાર | ૐ બુધલક્ષ્મીદેવી | ૧૩-૧૦-૨૦૨૬ | મંગળવાર | ૐ ધનકુબેરદેવ |
| ૨૯-૯-૨૦૨૬ | મંગળવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી | ૧૪-૧૦-૨૦૨૬ | બુધવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૩૦-૯-૨૦૨૬ | બુધવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૫-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ શુભલક્ષ્મીદેવી |
| ૦૧-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૧૬-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ લક્ષ્મીતા |
| ૦૨-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ ઓમેશ્વર | ૧૭-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૦૩-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ બગલામુખીદેવી | ૧૮-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ ચંદ્રતાવી |
| ૦૪-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ માતંગીદેવી | ૧૯-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ સૂર્યતાવી |
| ૦૫-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ કમલાદેવી | ૨૦-૧૦-૨૦૨૬ | મંગળવાર | ૐ તૃષાલુતા |



# વિક્રમ સંવત ૨૦૮૩માં રાશિ મુજબનું ભવિષ્ય ફળકથન અને દરેક રાશિ માટેના કષ્ટનિવારક ચમત્કારિક મંત્રો

## મેષ (અ.લ.ઇ.)

મેષ રાશિના જાતકો માટે આવનારું આ વર્ષ માન-સન્માન અને કીર્તિ લઈને આવશે. નિયમિત આવક જળવાઈ રહેશે. નૂતન વર્ષ દામ્પત્યજીવન માટે અનુકૂળ રહેશે. સંબંધોમાં કડવાશ થાય તેવી ઘટના બને તો સમાધાન કરી લેવું. આરોગ્ય એકંદરે સારું રહેશે.

વેપારીવર્ગ માટે નૂતન વર્ષ પ્રગતિકારક સાબિત થશે. ધંધામાં સારો લાભ જણાશે. ઉધારી કે જોખમથી દૂર રહેવું. નોકરિયાતો માટે ફેબ્રુઆરીથી મે સુધીનો સમય ફાયદાકારક નીવડશે. પગારમાં વધારો થાય. લોન અને લેવડદેવડ માટે પ્રયત્નોથી જરૂરિયાત પૂરી થઈ શકશે. વારસાઈ મિલકત બાબતમાં સમાધાન કરવાથી સુખદ પરિણામ મળી શકે છે. કોર્ટ મેટરમાં સંઘર્ષ પછી સફળતા મળી શકે છે. માન-પ્રતિષ્ઠા જળવાઈ રહે. ઈન્ટરવ્યૂ, રમતગમત, ટેન્ડર માટે શુભ સમય છે. વિઝા રીજેક્ટ થયા હોય અને પુનઃ પ્રયત્ન કરવાની ઈચ્છા હોય તો ધીરજ રાખવાની ખાસ સલાહ છે.

વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે એકાગ્રતા રાખવી ખૂબ જરૂરી છે. યોગ્ય સમયપત્રકને અનુસરીને મહેનત કરવામાં આવશે તો ધાર્યું પરિણામ મેળવી શકાશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ત્રિવાત ત્રિવાત લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ લક્ષ્મીતા વદમ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનમ વામ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

॥ ૐ નમઃ ॥

## વૃષભ (બ.વ.ઉ.)

વિક્રમ સંવત ૨૦૮૩ના વર્ષની શરૂઆતમાં ધંધા-વ્યવસાયમાં સરસ સફળતા મળશે. ભાગ્યવૃદ્ધિના યોગ પ્રબળ છે. લાંબી મુસાફરી કષ્ટદાયી નીવડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત થાય. વડીલ તરફથી વારસાગત સંપત્તિ મેળવવાના યોગ બને. વ્યવસાયિક આવશ્યકતા માટે નાણાંની સગવડ સરળતાથી મળી રહેશે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી.

શારીરિક નાની-મોટી તકલીફ રહે. ભૌતિક સુખમાં વધારો થશે. શેર-સટ્ટાકીય કાર્યોમાં સારો નફો મળે. સામાજિકક્ષેત્રે અપયશ  મળે. લગ્નઈચ્છુકો માટે આ સમય સારો છે. નોકરિયાતોને બઢતી-બદલીના યોગ છે. સહકાર્યકરો સાથે અણબનાવ રહે પરંતુ શાંતિથી સમજીને કાર્ય કરવું. એક્સપોર્ટ-ઈમ્પોર્ટને લગતા કાર્યોમાં વિશેષ લાભ મળે. ઉઘરાણી ફસાય નહીં તેનું ધ્યાન રાખવું.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું છે. ઈતર પ્રવૃત્તિ છોડી અભ્યાસ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરશો તો લક્ષ પ્રાપ્ત કરી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ રાજસ્વ લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ લક્ષ્મીતા વામીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ગુરુશક્તિ જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મિથુન (ક.છ.ઘ.)

આ વર્ષ આપનું મધ્યમ પસાર થશે. સ્થાવર મિલકતના કાર્યો સંઘર્ષ સાથે પાર પડે. અણધાર્યા ખર્ચા આવવાથી ધન વ્યય વધુ થાય. ધંધામાં ઉઘરાણી ફસાઈ ના જાય તેનું ધ્યાન રાખવું. ભાઈ-ભાંડુ તરફથી મનદુઃખના પ્રસંગો બને. સાહસિક કાર્યોમાં સફળતા મળે, પરંતુ કાળજી રાખવી હિતાવહ છે. કૌટુંબિક ધન-સંપત્તિના યોગ સારા બને.

ધીરધારનો ધંધો કરનારે ખૂબ સાવચેતી રાખવી. તમારી મહેનતનું ફળ વિલંબ બાદ મળે. વડીલવર્ગને ઘાતક બિમારીના યોગ બને. તમારી કુટુંબ પ્રત્યેની જવાબદારી વધતી જણાય. ઘરમાં મંગલ પ્રસંગ થાય. નોકરિયાત વર્ગને નોકરીમાં અસ્થિરતા જણાય. બહારગામ વિદેશ ફરવા જવાના યોગ બને.  સ્ટીલ, કાપડના ધંધામાં માલનો ભરાવો કરવો નહિ. કારીગરવર્ગની પરેશાનીનો સામનો કરવો પડે. રાજકીય કાર્યક્ષેત્રે કામ કરતા લોકોએ માનહાનિ ના થાય તેનું ધ્યાન રાખવું.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી રહેશે. ભણવામાં આળસ આવે, હતાશાનો સામનો કરવો પડે. આવી પરિસ્થિતિમાં તમારે મન એકાગ્ર કરીને ભણવું પડશે, તો જ ઉત્તમ પરિણામ મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શક્તિવા લક્ષ્મીવા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રતા ત્રતા વામ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સરસ્વતીદેવી સિધ્ધા નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કર્ક (ડ.હ.)

આ વર્ષ આપના માટે મધ્યમ ફળદાયી રહેશે. સામાજિક તેમજ કૌટુંબિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠા વધતી જણાય. ધાર્મિક કાર્યોથી મન પ્રફુલ્લિત રહે. વડીલ વર્ગને શારીરિક તકલીફો વધતી જણાય. ભાગ્યવૃદ્ધિમાં અડચણો અનુભવાય. ધંધાકીય ઉઘરાણી સમયસર ન આવતા આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. નવા સાહસિક કાર્યોમાં જોખમ છે માટે સાવચેતીથી નિર્ણય લઈને આગળ વધવું. આંતરિક-માનસિક અશાંતિ છતાં સંકટ મુશ્કેલીમાંથી બહાર નીકળી શકશો.

પારિવારિક જવાબદારીઓ તમારી પરેશાની વધારે. સતત પ્રયત્નશીલ રહેવા છતાં યોગ્ય ફળ ન મેળવી શકો. નોકરિયાતવર્ગને ઉપરી અધિકારી સાથે અણબનાવ રહે. શેરબજારમાં રોકાણ સમજી વિચારીને કરવું. ઉત્પાદનક્ષેત્રે કામ કરતા લોકો માટે આ સમય સારો છે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ ફળ આપનારું રહેશે. તમારે કઠોર પરિશ્રમ કરવાની જરૂર જણાય. વિશ્વાસઘાત ના થાય તેનું ધ્યાન રાખવું.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીદેવી સિધ્ધત્વ નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ પ્રવાતિ પ્રવાતિ રક્ષા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ત્રતા શારદાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## સિંહ (મ.ટ.)

સિંહ રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. રાજકીય કાર્યકર્તાઓ માટે આ સમય શુભ ફળ આપનાર સાબિત થશે. ધંધાકીયક્ષેત્રે નુકસાન અને નિષ્ફળતા થવા છતાં નાણાં સંબંધી તકલીફો નહીં રહે. નોકરી કરતા લોકોને બઢતી-પ્રમોશન મળવાના યોગ છે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારી છૂટી જવાના યોગ બને. નાની શારીરિક તકલીફોને અવગણતા સ્વાસ્થ્ય એકંદરે સારું રહેશે.

કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. દામ્પત્યજીવનમાં મનમેળ સારો રહે. વાહન અકસ્માતથી સાચવવું. શેરબજારમાં નફો થઈ શકે છે. સંતાન અંગેની નાની-મોટી તકલીફો રહે.

વિદ્યાર્થીઓને મહેનતનું ફળ સારું મળશે. ઉચ્ચ ડિગ્રીમાં મોટી સફળતા મળવાના યોગ છે. વિદેશ અભ્યાસ કરવા જવા માટે ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે. આપ તનતોડ મહેનત કરશો તો મહેનત અચૂક રંગ લાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીતા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વામ લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ શારદા શારદા મહાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કન્યા (પ.ઠ.ણ.)

કન્યા રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ઉત્તમ પસાર થશે. ધંધા-વ્યવસાયમાં આર્થિક દૃષ્ટિએ મોટો લાભ થવાની શક્યતા નકારી શકાય એમ નથી. લોન કે વ્યાજે પૈસા લેવા નહિ કે ઉછીના પૈસા આપવા નહિ. પૈસાની લેવડદેવડ બાબતે ખાસ ધ્યાન રાખવું. દલાલીના ધંધામાં સફળતા મળે. વાહન અકસ્માતથી સાવધ રહેવું. વિદેશ જવાના યોગ પ્રબળ છે. સંતાનોના વિકાસ માટે સારી તક મળે.

ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, કન્સ્ટ્રક્શન તેમજ પ્રાઈવેટ ક્ષેત્રમાં જોબ કરતા લોકો માટે આર્થિક સ્થિતિ સારી રહેશે. કોર્ટ-કચેરીના અટકેલા કામો પરિપૂર્ણ થશે. ફસાયેલા નાણાં પરત આવે. આરોગ્ય બાબતે આ વર્ષ એકંદરે સારું છે. સ્ત્રીઓને એમની જવાબદારીમાંથી રાહત થશે.

વિદ્યાર્થીઓને એમની મહેનતના પ્રમાણમાં ધાર્યુ પરિણામ પ્રાપ્ત થશે. વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થાય. ઉચ્ચ અભ્યાસમાં મક્કમ મનોબળ રાખીને કરેલી મહેનત વધુ સફળતા અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ધનીતા ધનત્ય નમો નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ કારીત્ય લક્ષ્મીતા ધનીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સિધ્ધત્વ જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## તુલા (ર.ત.)

તુલા રાશિના જાતકોનું આ ખૂબ જ ફળદાયી રહેશે. શેર-સટ્ટાકીય કાર્યોમાં અણધાર્યો ફાયદો થાય. જમીન-મકાનના ધંધામાં સારો ફાયદો થાય. આરોગ્ય પ્રત્યે લાપરવાહી રાખવી નહિ. નોકરિયાતોને પ્રમોશન મળે અને પગારમાં વધારો થાય. સરકારી કે અર્ધસરકારી કર્મચારીઓએ ખૂબ જ સાવચેતી રાખવી. કોઈપણ રાજકીય લોકોનો હાથો ના બની જાઓ તેનો ખ્યાલ રાખવો.

વાહન ચલાવવામાં સાવધાની રાખવી. દામ્પત્યજીવનમાં સુમેળભર્યા સંબંધો રહેશે. કોર્ટ કેસમાં વિજય પ્રાપ્ત થશે. સંતાન ઈચ્છુક માટે ઉત્તમ સંતાનયોગ બને. વિદેશ ફરવા જવાના યોગ છે. પારિવારિક જીવન ખૂબ જ સુખી રહેશે. મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે જાન્યુઆરી પછીનો સમય શ્રેષ્ઠ છે.

વિદ્યાર્થીઓને એમની મહેનતનું ધાર્યુ પરિણામ મળશે. કોમ્પીટીટીવ એક્ઝામમાં ઉત્તમ પરિણામ મળશે. એડમીશનના કાર્યો સરળતાથી પાર પડી જશે. આપનો આત્મવિશ્વાસ અને સખત મહેનત જ આપને ઉત્તમ સફળતા અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શુભાંશુ લક્ષ્મીદેવી સિધ્ધા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રતા ત્રતા લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કાર્યતા ગુરુતા નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## વૃશ્ચિક (ન.ય.)

આ વર્ષ આપનું થોડું સંઘર્ષમય પસાર થશે. આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. ખોટા ખર્ચામાં પૈસાનો વ્યય થાય. ધંધામાં નુકસાન ન થાય તેની કાળજી રાખવી. ઉઘરાણીના કાર્યોમાં તકલીફ પડે. લગ્નજીવનમાં મતભેદ રહ્યા કરે. નવા વાહનની ખરીદી કરી શકો. શેરબજારમાં રોકાણ કે કોઈપણ સાહસિક કાર્યોથી દૂર રહેવું. સંતાનોની પ્રગતિ આપને આનંદ આપશે.

નોકરિયાતોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સંઘર્ષ કરવો પડે. વડીલવર્ગની તબિયતની કાળજી રાખવી. ભાગીદાર સાથે વિશ્વાસઘાત થઈ શકે. જમીન-મકાનમાં રોકાણ કરવું આ વર્ષ દરમ્યાન હિતાવહ નથી. વ્યવસાયિક, રાજકીય ક્ષેત્રે મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ કરવી નહિ.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ કસોટીમય સાબિત થશે. વિદેશ ભણવા જવા માટે અવરોધોનો સામનો કરવો પડે. ઉચ્ચ અભ્યાસમાં ધાર્યા કરતા ઓછું પરિણામ પ્રાપ્ત થાય.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ધરીકા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સિધ્ધિતા વાદમ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સરસ્વતી જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## ધન (ભ.ફ.ધ.ઢ.)

ધન રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ખૂબ જ સંઘર્ષમય પસાર થશે. ધંધાકીય કાર્યોમાં વિઘ્નો-રૂકાવટોનો સામનો કરવો પડે. શેર-સટ્ટાકીય કાર્યોમાં બહુ લોભ કરવો નહિ. આર્થિક ધન વ્યય વધુ થાય. સામાજિક કાર્યક્ષેત્રે માનહાનિ થવાના યોગ છે. આરોગ્ય બાબતે તકલીફો રહે. રાજકીય કાર્યકર્તાઓને તેમના સપના સાકાર થતા દેખાશે. નોકરિયાતવર્ગને ઉતાર-ચઢાવ રહ્યા કરે. કોર્ટ-કચેરીના કામકાજમાં અવરોધો આવે.

લખાણ-દસ્તાવેજના કાર્યોમાં સાચવવું. આ વર્ષ દરમ્યાન લોન લેવાનું ટાળવું. એગ્રીકલ્ચરના ધંધા સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષની શરૂઆતનો સમય એકંદરે સારો રહેશે. વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં આ વર્ષે સફળતા મળશે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ વધુ મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરાવશે. ખરાબ સંગતથી દૂર રહેવું. આપનું વિદેશ ભણવા જવાનું સપનું સાકાર કરવા માટે તકલીફોનો સામનો કરવો પડે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ અષ્ટલક્ષ્મીદેવી વામદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સિધ્ધિતા લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કાર્યતા જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મકર (ખ.જ.)

આ રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. શત્રુઓ કે હરીફોથી સાવધાન રહેવું. શેરસટ્ટામાં ક્યાંક પૈસા ડૂબી ના જાય તેનું ધ્યાન રાખવું, નહિતર મોટું આર્થિક નુકસાન ભોગવવું પડશે. અટકેલી ઉઘરાણી પરત આવવાના યોગ પ્રબળ છે. કોર્ટ કેસ ચાલતો હોય તો એ કામમાં સજાગ રહેવું. આ વર્ષ દરમ્યાન આર્થિક તકલીફનો સામનો કરવો પડે.

આરોગ્ય બાબતે બેપરવાહ ન રહેવું, નહિ તો કોઈ ગંભીર બિમારીનો સામનો કરવો પડશે. દામ્પત્યજીવનમાં ગુસ્સા પર કાબુ રાખવો. વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં આ વર્ષે સફળતા મળશે. તમારી ઉપર પારિવારિક જવાબદારીનો બોજો વધે. કોઈપણ કાર્યને પૂર્ણ કરવા માટે વધુ મહેનતની જરૂર પડે અને વિઘ્નો આવે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું રહેશે. તમે પુરુષાર્થનું યોગ્ય ફળ મેળવી શકશો. ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ માટે કમર કસવી પડશે, પરંતુ સફળતા ચોક્કસ મળશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શુભાતિ કુબેરદેવ નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વાલવ્ય વાલવ્ય વામ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનદેવી શક્તિ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કુંભ (ગ.શ.ષ.)

કુંભ રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. પરિવારની જવાબદારી વધતી જણાય. આર્થિક છેતરામણી થવાના યોગ બને. તમને પ્રગતિની સારી તકો મળે છતાં તમે તે પ્રાપ્ત ન કરી શકો. ભાગીદારીના કામકાજમાં મહેનત-પરિશ્રમનું ફળ ઓછું મળે. ધાર્મિક કાર્યો થાય. વડીલોપાર્જિત ધનસંપત્તિના ભાગની ચર્ચા વણઉકલી રહે. રાજકીય ક્ષેત્રે કાર્યકર્તાઓ માટે સમય અનુકૂળ રહે. સરકારી કર્મચારીઓ માટે આ વર્ષ વિઘ્નો ભરેલું રહેશે.

તમે નકારાત્મક વિચારોથી ઘેરાયેલા રહેશો. આવક કરતા જાવકનું પ્રમાણ વધુ રહેશે. કૌટુંબિક વાતાવરણ તંગ રહે. ધંધા-વ્યવસાયિકોને આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. નોકરિયાતોને આર્થિક પ્રગતિ જણાય નહીં અને જવાબદારીમાં વધારો થાય.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અભ્યાસમાં એકાગ્રતા રાખવી ખૂબ જરૂરી છે. ઉચ્ચ ડિગ્રી માટેના પ્રયત્નો ઓછા પડતા જણાય. આ વર્ષે તમારે અભ્યાસમાં ખૂબ મહેનતની જરૂર છે. વિદેશ ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સફળતા મળે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શ્રુરીકા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સિધ્ધિતા સિધ્ધિતા રક્ષા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ શ્રુરીકા જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મીન (દ.ચ.ઝ.થ.)

મીન રાશિના જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. તમારો પુરુષાર્થ અને પ્રારબ્ધ નવા શિખર સફળતાથી પાર કરાવશે. તમારા સપના સાકાર થતા જણાશે. નવા ધંધાકીય ચાન્સ મળશે. આકસ્મિક ધનલાભ થશે. ધંધાકીય કાર્યોમાં વિકાસના યોગ પ્રબળ છે. નવા મકાન-વાહનની ખરીદી આ વર્ષ દરમ્યાન શક્ય બનશે. સામાજિક યશ-પ્રતિષ્ઠા વધશે. બિનજરૂરી ખર્ચથી દૂર રહેવું. કોઈકવાર માનસિક હતાશા-અશાંતિ રહે. સંતાનના ભાગ્યથી વિશેષ ઉન્નતિ મળે. કાનૂની જવાબદારીનો બોજો વધે.

નોકરિયાતવર્ગને નવી તકો અને બઢતી મળે. વિદેશ પ્રવાસના યોગ બને. હિત-શત્રુઓથી સાવચેત રહેવું. લાંબી બીમારીથી સાચવવું. શેર-સટ્ટાકીય કાર્યોમાં ગણતરીપૂર્વક કામકાજ કરશો તો સારી સફળતા મેળવશો.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આત્મવિશ્વાસ સાથે લીધેલા નિર્ણય સફળતા અપાવશે. વધુ મહેનત પરિશ્રમ કરશો તો સફળતા મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૩ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૬ થી દિવાળી ૨૦૨૭ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ધનલક્ષ્મીદેવી ધનિતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ પ્રવજ્ય પ્રવજ્ય નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સિધ્ધા જ્ઞાન નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**


સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

**સ્ટેપ- ૧** યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો
**સ્ટેપ- ૨** ટાઇપ કરો “SADGURU OMRUSHI”
**સ્ટેપ- ૩** “SADGURU OMRUSHI” પર કલીક કરો
**સ્ટેપ- ૪** SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# દિવાળીના શુભ મુહૂર્તો (સં.૨૦૮૨ ઇ.સ.૨૦૨૭)

## સંવત ૨૦૮૩માં નવા ચોપડા ખરીદવાના અને નોંધાવવાના શુભ મુહુર્તો
## આસો સુદ-૯, બુધવાર, તા.૧૯-૧૦-૨૦૨૬

સવારે ૧૨-૩૯ થી ૨-૩૦ કલાક | બપોરે ૪-૩૦ થી ૬-૩૦ કલાક

નવા ચોપડા તથા સોનુ - ચાંદી ખરીદવા શુભ

## ધનતેરસ - ધન પૂજન - લક્ષ્મીપૂજન - કુબેરપૂજનના શુભ મુહૂર્તો તેમજ
## આસો વદ-૧૩, શુક્રવાર, તા.૬-૧૧-૨૦૨૬

સવારે ૦૮-૩૦ થી ૧૦-૩૦ કલાક

બપોરે ૦૨-૦૦ થી ૪-૩૦ કલાક | સાંજે ૬-૦૦ થી ૮-૩૦ કલાક

પૂજા કરતી વખતે કરવાનો મંત્ર : ઓમ લક્ષ્મીદેવી ધનદેવી નમો નમઃ ॥ ૩ માળા કરવી.

ૐકાર ચાલીસા તેમજ સર્વ દુઃખભંજન દસ મહા વિદ્યા ચાલીસા - ૩ વખત કરવી.

## કાળીચૌદશ - કાળીપૂજા - ચંદ્રપૂજાના શુભ મુહૂર્તો
## આસો વદ-૧૪, શનિવાર, તા.૭-૧૧-૨૦૨૬

સવારે ૦૮-૦૦ થી રાત્રીના ૮-૦૦ કલાક

મંત્ર : ॥ ૐ મહાકાલી સર્વદા રક્ષા નમઃ ॥ ૭ માળા કરવી.

સર્વ દુઃખભંજન દસ મહા વિદ્યા ચાલીસા - ૭ વખત કરવી.

## ધનલક્ષ્મી-ચોપડા-શારદાપૂજનનાં શુભ મુહૂર્તો
## દિવાળી-દિપાવલી-લક્ષ્મી-શારદા ચોપડા પૂજન (લક્ષ્મી ગણેશ ચોપડા પૂજન)
## આસો વદ અમાસ, રવિવાર, તા.૮-૧૧-૨૦૨૬ , દિવાળી-દિપાવલી

બપોરે ૧૨-૩૯ થી ૩-૦૦ કલાક | સાંજે ૫-૫૭ થી ૭-૫૮ કલાક

## બેસતુંવર્ષ સં.૨૦૮૩માં ધંધો-વેપાર-દુકાન-પેઢી ખોલવાના શુભ મુહૂર્તો

(૧) કારતક સુદ-૧, સોમવાર, તા.૯-૧૧-૨૦૨૬, બેસતુંવર્ષ-નૂતનવર્ષ

સવારે ૭-૩૦ થી ૯-૩૦ કલાક | સવારે ૧૨-૩૯ થી ૨-૦૦ કલાક

(૨) કારતક સુદ-૨, મંગળવાર, તા.૧૦-૧૧-૨૦૨૬

સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાક

મંત્ર : ॥ ૐ મહાલક્ષ્મીદેવી કુંભલક્ષ્મીદેવી નમો નમઃ ॥ ૩ માળા કરવી.

ૐકાર ચાલીસા તથા સર્વ દુઃખભંજન દસમહાવિદ્યા ચાલીસા - ૩ વખત કરવી.

## લાભપાંચમ-જ્ઞાનપંચમીના શુભ મુહૂર્તો
## કારતક સુદ-૫, શનિવાર, તા.૧૪-૧૧-૨૦૨૬, લાભપાંચમ-જ્ઞાનપંચમી

સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાક | બપોરે ૧૨.૩૯ થી ૧-૩૦ કલાક

મંત્ર : ॥ ૐ જ્ઞાનદેવી લક્ષ્મીદેવી નમઃ ॥ ૧ માળા કરવી.

ૐકાર ચાલીસા - ૧ વખત કરવી.



॥ ૐ નમઃ ॥




# દેવદિવાળી થી દેવદિવાળી સુધી

## ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

દેવદિવાળી એ શ્રેષ્ઠ, દુર્લભ અને કલ્યાણકારી એવું કારતક માસમાં આવતું ભારતીય સંસ્કૃતિનું એક અનેરું મહાપર્વ છે. પૌરાણિક કથા અનુસાર શંખાસુર નામના દૈત્યના ત્રાસથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારતા દુઃખી થયેલા દેવો અંતે ભગવાન વિષ્ણુના શરણે જાય છે અને દૈત્યના ત્રાસથી મુક્ત કરાવવા પ્રાર્થના કરે છે. દેવોને શંખાસુરના ત્રાસથી મુક્ત કરાવવા ભગવાન વિષ્ણુ શંખાસુરની સામે યુદ્ધે ચડયા અને બંન્ને વચ્ચે ધમાસણ યુદ્ધ થયું.

શંખાસુર મહાશક્તિશાળી હતો. શંખાસુર સાથે ભગવાનનું યુદ્ધ પાંચ હજાર વર્ષ સુધી ચાલ્યું અને અંતતઃ અને શંખાસુર માર્યો ગયો. આ દીર્ઘ યુદ્ધના કારણે ભગવાનને અતિશય થાક લાગ્યો હોવાથી ભગવાન વિષ્ણુ શયની એકાદશીએ શેષશૈયામાં પોઢી ગયા. ચાર-ચાર માસ થઇ ગયા તો પણ ભગવાન જાગ્યા નહિ. તેથી દેવોએ ભગવાનને જગાડવા માટે પ્રાર્થના કરી. પ્રાર્થનાના સુરો ભગવાનને સંભળાયા અને ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષશૈયા પરથી જાગૃત થયા અને આમ તુલસીવિવાહ ઉત્સવ થયો, અનેરો આનંદ છવાયો. આ પ્રસંગ 'દેવદિવાળી' તરીકે ઉજવવાની શરૂઆત થઇ.

દેવોની દિવાળી એ વર્ષનું મંગળાચરણ છે. દેવોને પ્રાર્થના કરી વર્ષની શુભ શરૂઆત કરવાથી સર્વ કાર્યોમાં માંગલ્ય આવે છે અને વર્ષના બધાં જ પર્વો મંગલ બને છે. આ દિવસથી શુભ કાર્યો શરૂ થાય છે. 'દેવદિવાળી'ના સંદર્ભમાં એક બીજી પૌરાણિક કથા પણ સંકળાયેલી અને પ્રચલિત છે.

ત્રિપુર નામનો મહાદૈત્ય પ્રયાગક્ષેત્રમાં તપ કરતો હતો. તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એના તપના તેજ અને પ્રભાવથી ત્રિભુવન પણ બળવા માંડયા, એને સંમોહિત કરવા દેવોએ અનેક અપ્સરાઓ મોકલી અને વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તપસ્વી દૈત્ય ચલિત થયો નહિ અને કામ, ક્રોધ કે લોભને પણ વશ થયો નહિ

અને તેણે બ્રહ્માજીને પ્રસન્ન કરી અમરત્વ માંગ્યું, ત્યારે બ્રહ્માજી બોલ્યા, 'હે વત્સ! કોઇ અમર નથી તો પછી અન્યની તો શી વાત કરવી? શરીર ધારીઓ માટે મરણ અનિવાર્ય છે એટલે મારી પાસેથી અન્ય વરદાન માંગી લે.'

ત્રિપુર બોલ્યો : 'હે પિતામહ! દેવથી, મનુષ્યથી, રાક્ષસથી, સ્ત્રીઓથી કે રોગથી મારું મૃત્યુ થાય નહિ એવું મને શ્રેષ્ઠ વરદાન આપો.' ત્યારે 'તથાસ્તુ' કહીને બ્રહ્મદેવ સત્યલોકમાં ગયા. ત્રિપુરાસુરને વરદાન પ્રાપ્ત થયું છે એ સમાચાર સાંભળી અનેક દૈત્યો એની પાસે આવ્યા. ત્રિપુરાસુરે દૈત્યોને આદેશ આપ્યો કે, 'આપણા વિરોધી દેવોને હરાવી નાખો. એમ ન થાય તો એમની પાસેની સર્વોત્તમ વસ્તુઓ છીનવી લો અને મને સમર્પિત કરો.' દૈત્યરાજ ત્રિપુરની આજ્ઞા થતાં સર્વ દૈત્યોએ સર્વ દેવોને, સર્પોને અને યક્ષોને બંદીવાન બનાવી ચોતરફ હાહાકાર મચાવી દીધો.

વિશેષમાં ત્રિપુરના વચનોને અનુસરતા વિશ્વકર્માએ ત્રિપુરની રચના કરી. જે તેજ ગતિથી ઉડનારા ધાતુના વિમાન જેવા ત્રણ પુર હતાં. ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઇચ્છાનુસાર વિચરતો અને વિનાશ સર્જતો. દેવો ત્રસ્ત અને લાચાર બન્યા. આગળની કથા અનુસાર ઇન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ તેમજ નારદમુનિનું મિલન થયું. સૌએ શિવજીને મળી ત્રિપુરાસુરના સંહાર માટે તેમનું શરણ સ્વીકાર્યું. દેવર્ષિ નારદજીની માયાથી પ્રેરિત ત્રિપુરાસુરે કૈલાસ પર આક્રમણ કર્યું.

ત્રણ દિવસ સુધી સર્વ એકત્રિત દેવો સાથે ત્રિપુરાસુરે મહાયુદ્ધ કર્યું અને કાર્તિક માસની શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે ભગવાન શિવજીએ એક જ બાણથી ત્રિપુરાસુરને મારી નાખ્યો, એટલે સર્વ દેવો પ્રસન્ન થયા. હર્ષોલ્લાસથી તેઓએ સદાશિવને પ્રસન્ન કરવા દીપ સમર્પિત કર્યા અને દિવાળી જેવો ઉત્સવ પણ ઉજવ્યો. આથી આ દિવસને 'દેવદિવાળી' તરીકે ઓળખવામાં આવે છે.

કાર્તિક પૂર્ણિમા 'દેવદિવાળી' ના દિવસે પરમાત્માનું સ્મરણ કરી દીપદાન કરવાનું વિશેષ મહત્વ છે. એના થકી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે. આ દીપ પ્રાગટ્ય અને તેના દર્શન થકી સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે.

આ તો દેવોના આનંદની વાત થઇ પણ સામાન્ય મનુષ્ય માટે એમ કહી શકાય કે મનુષ્યના મન અને વર્તનમાંથી અસુરભાવ ટળે અને હૃદયમંદિરમાં દૈવીભાવ પ્રગટે- દેવાધિદેવ પ્રગટે તે જ મનુષ્યની દેવદિવાળી. અસુરોરૂપી દોષો ટળે એ દિવાળી અને પરબ્રહ્મ પરમાત્મા ૐકારના દિવ્ય ચૈતન્ય સ્વરૂપે મળે એ દેવદિવાળી.

**ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે અહીં આપેલા દિવ્યમંત્રને ૨૭૦૦૦ વાર છ મહિનામાં આત્મસાત કરો.**

**દિવ્ય મંત્ર**

**॥ ૐ સૂર્યવિદન્ત્યદેવાય વામ વામ નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૧૮ વખત કરવો ત્યારબાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ મંત્ર રોજ આ દેવદિવાળીથી આવતી દેવદિવાળી સુધી કરવો.**

# ધનતેરસ થી ધનતેરસ સુધી ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની કરવાની દિવ્ય મંત્રસાધનાની માહિતી

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી મહાલક્ષ્મી ધનકુબેર ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં ચાંદીનો સિક્કો, ચાર આખી સોપારી, ઘઉંની ઢગલી અને ૧૦ રૂા.ની નોટ મુકવી અને તે દરેક ઉપર કંકુનો ચાંલ્લો (સ્થાપન કરો તે વખતે જ કરવો, રોજ કંકુનો ચાંલ્લો કરવાનો નથી) કરવો. રોજ સાધના કરતી વખતે ઘીનો આડી વાટનો દીવો કરવો. ત્યારબાદ નીચે આપેલો દિવ્ય મંત્ર ૮૧ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯૯ દિવસ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૭ થી ૧૦ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કાળા વસ્ત્ર સિવાય કોઈપણ કલરના વસ્ત્ર પહેરવા અને ખભા ઉપર લાલ ખેસ રાખવો. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન ૧૦૦મા દિવસે સવારે ૭ થી ૧૦ માં કરવું. સ્થાપનમાં મુકેલ ચક્ર, ચાંદીનો સિક્કો અને ૧૦રૂા.ની નોટ તિજોરી કે કબાટમાં મુકી દેવી અને બાકીની વસ્તુ નદીમાં વિસર્જન કરી દેવી. |

જે ભક્તજનોએ ગઈ વખતનો ચાંદીનો સિક્કો સાચવીને રાખ્યા હોય તેનો આ સ્થાપનમાં ઉપયોગ કરી શકે છે.

આ સાધના ધનતેરસના દિવસથી અથવા આખા વર્ષ દરમિયાન ગમે તે દિવસથી પોતાની મનોકામનાનો સંકલ્પ કરીને કુલ ૯૯ દિવસ સુધી કરવાની હોય છે.સાધના દરમ્યાન કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯૯ દિવસ ગણીને આ સાધના પૂર્ણ કરવી.

**દિવ્ય મંત્ર : ॥ ૐ મહાલક્ષ્મી ધનકુબેર દેવ પ્રાગટ્ય નમઃ ॥**

## ૐ શ્રી મહાલક્ષ્મી ધનકુબેર ચક્ર



# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને પીળા વસ્ત્રમાં મગના ચાર દાણાઅને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન ગુલાબી વસ્ત્રમાં કઠોળ વાલના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં કઠોળ ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ લીલા વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

ૐ શ્રી સદગુરુ દેવાય નમઃ

## પ. પૂ. ગુરુજી પર ભક્તિ ભજનની રચના
(રાગઃ રંગાઈ જાને રંગમાં સીતારામ તણાં સત્સંગમાં)

રંગાઈજાને રંગમાં તુ રંગાઈ જાને રંગમાં
ૐકારના તું રંગમાં ૐ ઋષિના સત્સંગમાં... રંગાઈ...
ૐનાદનો મહિમા મોટો કહેતાં ન આવે પાર,
શ્વાસે શ્વાસે ૐ જપીલે (2) થાશે બેડો પાર... રંગાઈ...
ૐ ત્રિત્રાંશની સાધના થકી મળશે તને આરામ, એમાં મળશે તને આરામ,
આત્મ અનાત્મનો વિવેક થાશે (2) આનંદ થશે અપાર... રંગાઈ...
ૐકાર ચાલીસા રટતાં રટતાં અંતઃકરણ શુદ્ધ થાય, તારું અંતઃકરણ શુધ્ધ થાય
ચાલીસાનો મહિમા મોટો (2) સર્વ કાર્યો સફળ થઈ જાય... રંગાઈ...
ૐમંત્રોની શક્તિથી તારાં દુઃખ, દર્દ દૂર થાય, તારાં દુઃખ દર્દ દૂર થાય
મંત્રો તને માંગ્યુ આપશે (2) તું કરી લેને વિચાર... રંગાઈ...
મન-કર્મ-વચનથી ૐ જપી લે ગ્રહો અનુકુળ થાય, તારા ગ્રહો અનુકુળ થાય
આવાગમનથી ફેરા ટળશે (2) થાશે તને આત્મજ્ઞાન... રંગાઈ...
આવો ભક્તો સૌ સાથે મળી ધરીએ ૐ નું ધ્યાન, આપણે ધરીએ ૐ નું ધ્યાન
સર્વ ધર્મ સમભાવ રાખીને (2) ભજી લઈએ ૐકાર... રંગાઈ..
ૐઋષિની કૃપા છે એથી શબ્દોમાં ન સમાય, એ તો શબ્દોમાં ન સમાય
અનુભૂતિ નું જ્ઞાન છે પાતળું (2) સમજો ચતુર સુજાણ... રંગાઈ

- નિર્મલાબેન, પૂના

## શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી કાર્ય સિધ્ધ થયું

અમે છેલ્લા 12 મહિનાથી **શ્રી ક્ષેત્રપાળવીર**ના દર્શન કરવા માટે **ૐકારધામતીર્થ પાનવા** જતા હતા. ઘરની અંદર એવી નકારાત્મક એનર્જી ફરતી હતી ને જેના કારણે અમારા પતિ-પત્ની વચ્ચે ખૂબજ ઝગડા અને વિખવાદ થતા હતા અમે 2025માં પ.પૂ. ગુરુજીને મળ્યા ત્યારે તેમણે અમને **।। ૐ લાવિન્ચ મુક્તિતા નમઃ ।।** નો મંત્ર 3 વખત કરવા આપ્યો અને **ૐકાર ચાલીસા**નો પાઠ કરવા ની સલાહ આપી ત્યારબાદ તેમણે નકારાત્મક ઊર્જા નો દોષ દૂર કરવા વામલ્ય દોષનું નિવારણ કરવાની સલાહ આપી અને **ૐકારધામતીર્થ પાનવા શ્રી ક્ષેત્રપાળવીર**ના દર્શનાર્થે જવાનું કીધુ. આપ માનસો નહી પણ પ્રથમ વખત જ જ્યારે દર્શન માટે અમે ગયા ત્યારે દિવ્ય અનુભુતિ મને અને મારી પત્ની ને થઈ પહેલી વખત **શ્રી ક્ષેત્રપાળવીર**ના દર્શન કર્યા ત્યારબાદ અમારા પતિ-પત્ની વચ્ચે ના સંઘર્ષમાં તો ફરક પડ્યો નહી પરંતું આર્થિક રીતે પ્રગતિ ધંધાકીય રીતે વધવા લાગી. બીજી વખત દર્શન કરવા ગયા ત્યારબાદ મારી ને મારી પત્ની વચ્ચેના વિખવાદ ઓછા થયા અને

ઘરમાંથી પણ નકારાત્મક ઊર્જાનો પ્રભાવ ઓછો થયો હોય તેવો અમે બંને અનુભવ કર્યો ઘરમાં મારા માતા-પિતા પણ શાંતિનો અનુભવ કરવા લાગ્યા.

**ૐકારધામ શ્રી ક્ષેત્રપાળવીર**ના મંદિર પાસેથી લગભગ છેલ્લા દસ વર્ષમાં અમે કેટલીયવાર પસાર થયા હોઈશું. પરંતુ એકવાર પણ ગાડી ઉભી રાખીને દર્શન કરવાની સમજણ જ ના આવી પરંતુ જ્યારે ગુરુજીને મળ્યા અને ગુરુજીએ કીધુ ત્યારે અમે કીધુ કે અમે દર મહિને આ રસ્તે જઈએ છીએ અમારા કુળદેવીના દર્શન કરવા માટે જઈએ છીએ. પરંતુ કેવી અજાયબીની વાત છે કે જે રસ્તા પરથી અમે જતા હતા **અમારી કુળદેવી** અમને ઈશારો કરતી હતી કે અહીંયા રોકાવ પરંતુ અમે રોકાયા નહિં. પ.પૂ. ગુરુજીનો દિવ્ય મંત્ર અને એમના આશીર્વાદ થકી અને **ક્ષેત્રપાળવીર**ની પવિત્ર દિવ્યા ઉર્જા અને આશીર્વાદથી આજે અમારા ઘરમાં બધું સુખરુપ અને આનંદપૂર્વક ચાલી રહ્યું છે. નાની નાની સમસ્યાઓ તો સંસારમાં ચાલવાની છે પરંતુ મોટા મોટા પ્રશ્નોના સમાધાન **પ. પૂ. ગુરુજી**ના આશીર્વાદથી થતા જ રહેશે. એવો અમને દૃઢ વિશ્વાસ છે.

- મિતેષભાઈ રાજપરા, અમરેલી

## પ.પૂ.ગુરુજીએ આપેલ દિવ્ય મંત્ર થી ચમત્કાર થયો

છેલ્લા 5 વર્ષથી રાત્રે મને કોઈ ઊંઘમાં લાત મારતું હોય અને જગાડતુ હોય તેવો અનુભવ થતો હતો, શરુઆતમાં એક બે મહિનાતો ગણગાર્યું નહી અને સપનું સમજીને મે એને છોડી દીધું. પરંતુ વારંવાર થતી ઘટના ને હું નકારી ના શક્યો, હું અને મારી પત્ની ડૉ. પાસે ગયા પરંતુ મેડીકલી બધાજ રીપોર્ટ નોર્મલ આવ્યા ત્યારબાદ દાહોદમાં આજુબાજુ બે-ત્રણ જ્ઞાની વ્યક્તિઓને પુછ્યું પરંતુ કોઈ સફળતા મળી નહીં. પરંતુ એક આશ્રમમાં અમે ગયા હતા, ત્યાં અમને એકભાઈએ **ૐકાર ચાલીસા** આપી અને કહ્યુ કે પ. પૂ. ગુરુજીને આપ મળી લો આ બાબતમાં તેઓ નિપુણ છે. અમે ગુરુજીને મળવા માટે **અમદાવાદ** ગયા. પ. પૂ. ગુરુજી મારી મુખ મુદ્રા અને ઓરા જોઈને કીધું કે **ચકાતિકા** નામના **ઓરા**ના દોષથી તમે પીડીત છો તેના કારણે તમને અકલ્પ્ય અને કોઈ માની ના શકે તેવી ઘટનાથી તમે પરેશાન થઈ રહ્યા છો. આ એવી ઊર્જા છે જે તમને ચેનથી સુવા ના દે અને જીવવા ના દે અને ખરેખર એવું જ થઈ રહ્યુ હતું, આ રાત્રે થતી ઘટનાના કારણે મારો આખો દિવસ ખરાબ જતો હતો. અને ધંધા પર ધ્યાન રહેતું ન હતું. અમે ભાઈઓ સાથે ભાગીદારીમાં ધંધો કરીએ છીએ એટલે ભાઈઓને પણ એવું લાગતું હતું કે હું ધંધામાં હવે ધ્યાન આપતો નથી અને માનસિક રીતે ડીસ્ટર્બ થઈ ગયો છું. પરંતુ તમે જ વિચારો રોજ રાત્રે તમને કોઈ લાત મારીને ઉઠાડતું હોય ફેટ પકડીને જગાડતું હોય તો તમે શું કરો, તમારી અવસ્થા શું થાય. પ. પૂ. ગુરુજીએ આપેલ દિવ્ય મંત્ર **।। ૐ પ્રવાલ્ય પ્રવાલ્ય મુક્તિવા નમઃ ।।** નો પાઠ 18 વખત અને **ૐકાર ચાલીસા** 1 વખત કરવાનું શરુ કર્યું, ત્યારબાદ **ૐકાર ચાલીસા** નિયમિત રીતે કરતો હતો જે દોષ હતો તે દોષનું કઈ રીતે નિવારણ કરવું તેની ગુરુજી એ અમને સમજણ આપી. અને ત્યારબાદ છેલ્લા 5 મહિનામાં હું સંપૂર્ણપણે સ્વસ્થ્ય થઈ ગયો છું. મારી શારિરિક અને માનસિક બંને પરિસ્થિતિ સારી થઈ ગઈ છે. અને હવે રાત્રે થતી નકારાત્મક અનુભુતિમાંથી હું બહાર આવી ગયો છું.

- પ્રવિણભાઈ બારૈયા, દાહોદ

## બજરંગબલી ચાલીસા નો દિવ્ય અનુભવ થયો.

હું પ. પૂ. ગુરુજીની પાવન નિશ્રામાં યોજાયેલ **બજરંગબલી શક્તિ સાધના**માં બેઠો હતો. તે વખતે હું ચારેય બાજુથી

બહુજ પરેશાન હતો. આર્થિક રીતે પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી હતી, શેરબજારમાં સતત નુકશાન થતુ હતું. **બજરંગબલી શક્તિ સાધના** બાદ મેં રોજ 9 વખત **બજરંગબલી ચાલીસા**નો પાઠ શરુ કરી દીધો. રોજ રાત્રે 9 થી 11 માં હું નિયમિત રીતે **બજરંગબલી ચાલીસા** 9 વખત કરી લેતો હતો. 2 એપ્રિલ થી મે શરુ કરેલી આ પ્રકલ્પ અને સંકલ્પથી અત્યાર સુધીમાં એટલે કે હું આ અનુભવ ગુરુજીને લખી આપું છુ 15 ઓગષ્ટ, 2026ના રોજ ત્યાં સુધીમાં મારી આર્થિક પરિસ્થિતિમાં ઘણોજ સુધારો થયો છે. માથા પરનું કર્જ હળવું થવા લાગ્યું છે. અને આર્થિક રીતે પણ સમૃધ્ધિ દેખાય છે. આર્થિક સમૃધ્ધિના હોય તો ઘરમાં પણ કલેશ અને કંકાશ હોય જ અને એ પરિસ્થિતિમાંથી પણ હવે મુક્તિ મળી રહી છે કા. કે. ઘરની ઘણી બધી જરુરીયાતો હું સરળતાથી અને સહજતાથી પુરી કરી દવ છુ. એપ્રિલ થી ઓગષ્ટ સુધીમાં મને આજ અનુભવ જે થયો છે. એ મારા માટે એક ચમત્કાર જ છે. મારી પૂર્ણ આસ્થા **બજરંગબલી ચાલીસા** પર પ્રસ્થાપિત થઈ છે. પ. પૂ. ગુરુજીના આપેલ દિવ્ય મંત્ર અને મંત્રશક્તિપાત હું રોજ કરુ છુ. પરંતું **બજરંગબલી ચાલીસા** હું બધાજ ભક્તોને કરવાની સલાહ આપીશ કે 9 વખત રોજ **બજરંગબલી ચાલીસા** નો સંકલ્પ કરી અને તમારી પીડા દર્દ નો સંકલ્પ કરો અને **બજરંગબલી ચાલીસા**નો પાઠ કરો. તમને ચોક્કસ સમાધાન મળશે. અત્યારસુધી માં હું **બજરંગબલી ચાલીસા**ની 1 -1 ચોપાઈ સાથેનો હોમ પણ 4 વખત કરી ચૂક્યો છુ. મારા જીવનમાં જળ મૂળથી પરિવર્તન લાવવાનું જ કાર્ય જે છે તે પ. પૂ. ગુરુજીના આશીર્વાદથી એમની રચિત કરેલ **બજરંગબલી ચાલીસા**થી થયું છે. પ. પૂ. ગુરુજી આવીજ રીતે લોકોનું કલ્યાણ કરતા રહે અને આવી દિવ્ય કૃતિઓના માધ્યમથી અમારા જેવા માણસો માટે તો નાનો પ્રોબ્લેમ પણ મોટો પ્રોબ્લેમ છે. અમારે મોક્ષ નહી પરંતું અમને અમારા જીવનમાં શાંતિ જોઈએ છે. અમે અમારા સંતાનોને સંપૂર્ણપણે તેમની જરુરીયાતો પૂરી કરી શકીએ. ઘર સારી રીતે ચલાવી શકીએ. વ્યવહાર અને તહેવાર સારી રીતે ચાલી શકે અને વર્ષ ના અંતે 2 રુપિયા બચે જેથી કરીને જીવનમાં જ્યારે બી કોઈ તકલીફ કે પીડા તો તે પૈસા નો ઉપયોગ થઈ શકે. હું જીવનમાં સંપૂર્ણપણે નાસ્તિક હતો. મારી પત્નીએ ખૂબ આગ્રહ કર્યો ત્યારથી હું ગુરુજી જોડે જોડાયો હતો. પહેલી વખત સાધનામાં બેઠા બાદ મને જે અનુભવ થયો હતો તે અનુભવ અકલ્પ્ય છે.

- ચેતનભાઈ, સાબરમતી

## શારીરીક અને માનસિક પીડા દૂર થઈ

પ. પૂ. ગુરુજી પૂનમ થી પૂનમના દિવસ માટે શારિરિક અને માનસિક પીડામાંથી મુક્ત થવા માટેનો દિવ્ય મંત્ર શક્તિપાત આપે છે. છેલ્લા 5 વર્ષથી એ **મંત્રશક્તિપાત** હું સાંભળું છુ. મારી 65 વર્ષની ઉંમરમાં મેં છેલ્લા 5 વર્ષમાં મારી શારિરીક અને માનસિક પીડા દૂર થતી જોઈ છે. 60 વર્ષની ઉંમર સુધી હું રોજ સવાર-સાંજ દુઃખાવાની ગોળીઓ ખાધી હતી અને શારીરીક પીડાઓ રહેતી હતી. પરંતું છેલ્લા 5 વર્ષથી નિયમિત રોજ 4 વખત **મંત્રશક્તિપાત** દરમહિનાનો જે નવો નવો આવે છે. તે દર મહિને હું સાંભળું છુ અને એનાથી 5 વર્ષમાં મે એક પણ ગોળી લીધી નથી. હું નિયમિત રીતે **ૐકાર ચાલીસા**નો પાઠ કરી અને પાણી પીવું છુ. પ. પૂ. ગુરુજીએ જ્યારે મને આ **મંત્રશક્તિપાત** સાંભળવાની સલાહ આપી ત્યારે મને લાગતુ હતુ કે દવાઓ થી જે કામ થતું નથી તે **મંત્રશક્તિપાત**થી કેવીરીતે થશે પરંતું હું ખોટી હતી. પ. પૂ. ગુરુજીએ મને એવું પણ કહ્યુ કે તમે જે ધર્મને માનો છો તમે જે ગુરુ ને માનો છો તે બધુ ચાલુ રાખો સાથે આને **મંત્રશક્તિપાત**ને દવાની જેમ પૂરી આસ્થાથી કરો અને એ વાત મને બહુજ ગમી. અમારા ઘરમાં અમે પુષ્ટીમાર્ગ ને માનીએ છીએ પરંતુ ગુરુજીએ કહ્યુ કે આ દવાની જેમ તમે ઉપયોગ કરો જ્યારે તાવ આવે ત્યારે તમે પેરાસિટામોલ લો છો એવી જ રીતે તમારી શારિરિક અને માનસિક પીડાને દૂર કરવા માટે આ

મંત્રશક્તિપાત શ્રવણ કરો. 1 સેકન્ડમાં તો મને ગુરુજીની વાત મને મારા મગજમાં ઉતરી ગઈ અને હું નિયમિત રીતે સાંભળુ છું અને ઘણાબધા લોકોને **મંત્રશક્તિપાત** સાંભળવાની સલાહ પણ આપું છું. પરંતું જેની નિયતિમાં સારુ થવાનું લખ્યુ હોય એ જ એ **મંત્રશક્તિપાત** સાંભળી શકે છે. એ મે જોયું છે. પરંતું જે આસ્થા સાથે સાંભળે છે. તેને પહેલા જ **મંત્રશક્તિપાત** પછી ઘણો બધો ફરક જણાય છે. પ. પૂ. ગુરુજીના દિવ્ય અને ચૈતન્યમય આશીર્વાદથી મારી શારીરીક અને માનસિક પીડા દૂર થઈ અને હવે હું ભગવાનની સેવા પૂજા બહુજ સારી રીતે કરી શકું છું. પલાઠીવાળીને નીચે બેસી શકું છું. અને આવીરીતે જો જીવન મળે તો 100વર્ષ પણ જીવવામાં વાંધો નથી. 60 વર્ષની ઉંમરેતો હું વિચારતી હતી કે આવુ રીબાઈને જીવવું એના કરતા મરવું સારુ.અને 65 વર્ષની ઉંમરે વિચારું છુ કે આવું જો જીવન મળે તો શાંતિથી ભગવાનની સેવા-પૂજા કરી શકાય. ભક્તિ થઈ શકતી હોય તો બીજા 35 વર્ષ વધારે મળે તો મંજુર છે.

- સરિતાબેન, રાજકોટ

## સર્વતોભદ્રગૌતમલબ્ધિલક્ષ્મીચક્ર એ ચમત્કાર કર્યો

હું નિયમિતરીતે **ૐકારધામતીર્થ, પાનવા** દર્શનાર્થે જાવ છું. હું છેલ્લી વખત જ્યારે જુલાઈ મહિનામાં દર્શનાર્થ ગયો હતો ત્યારે ગુરુવાર હતો. એ દિવસે મેં નવગ્રહના દર્શન કર્યા, ગુરુદેવના દર્શન કર્યા અને **સર્વતોભદ્રગૌતમલબ્ધિલક્ષ્મીચક્ર** જે નવગ્રહ મંદિરમાં સેન્ટરમાં છે એને હાથ મૂકીને મનોકામના કરી કે મારુ કામ સિધ્ધ થઈ જાય તમે માનશો નહિ બે જ દિવસમાં કામ સિધ્ધ થઈ ગયું. મને એવી અનુભુતિ થઈ મેં એ ચક્ર ને નહી પરંતુ કોઈ પારસમણીને અડી લીધું હોય કારણકે જેમ પારસમણી લોખંડને સોનુ બનાવે તેમ મારી પીડા આ ચક્ર અડવા માત્રથી દૂર થઈ ગઈ. ગુરુજીએ ભૂતકાળમાં ઘણીબધી વાર કીધુ હતું કે **સર્વતોભદ્રગૌતમલબ્ધિલક્ષ્મીચક્ર** એ ખૂબજ શક્તિશાળી છે. તમે પૂરી આસ્થા સાથે હાથ લગાવો તો તમારી મનોકામના પરીપૂર્ણ થાય. અને એવુંજ થયું મે પૂરી આસ્થા સાથે જ્યારે એને હાથ લગાડ્યો અને મારો સંકલ્પ કર્યો તો મારો સંકલ્પ પૂરો થયો આપ પણ દુનિયામાં ગમે ત્યાં રહેતા હોવા આપ ખરેખર કોઈ પ્રશ્નથી પીડીત છો તો એક વાર ૐકારધામતીર્થમાં નવગ્રહ મંદિરની વચ્ચે **સર્વતોભદ્રગૌતમલબ્ધિલક્ષ્મીચક્ર** પ્રસ્થાપિત છે તેને મનોકામના અને પૂરી શ્રદ્ધાથી જમણો હાથ લગાડશો તો મનોકામના પરીપૂર્ણ થશે. મેં જે અનુભવ કર્યો છે તે બધાંજ લોકો અનુભવ કરે ને એમના જીવનનું કલ્યાણ કરે તમે સાચા હશો ને તમારી ડીમાન્ડ સાચી હશે તો પૂરી થશે. હું સાચો હતો ને દસ વર્ષથી હેરાન થઈ રહ્યો હતો હું એટલો હેરાન થતો હતો કે હું કોઈને કહી શકતો ન હતો કે મારી હેરાનગતિ શું છે. પરંતુ એટલું ચોક્કસ કહીશ કે મારી જે હેરાનગતિ હતી એ હેરાનગતિ કોઈ જગ્યાએથી સમાધાન ના થઈ પરંતુ જેવુ હુ આ ચક્ર ને અડ્યો મારા માટે આ **પારસમણી** બની ગયું પ. પૂ. ગુરુજીએ આ જે પ્રતિષ્ઠીત કર્યું છે તે ચમત્કારથી કમ નથી લોકો **ૐકારધામતીર્થ, પાનવા** જતા હશે એ લોકો પણ એની પાસેથી પસાર થતા હશે પણ તેને હાથ નહી લગાડતા હોય આસ્થાને શ્રદ્ધા સાથે એકવાર તમે કરીને જુઓ પછી જુઓ તમારા જીવનમાં બદલાવ જુઓ.

- મિતેષ શાહ, અમદાવાદ

★★★



# વિજયાદશમીના પાવન અવસરથી કરવા માટે દિવ્ય મંત્રસાધના

**દિવ્યમંત્ર : ॥ ૐ મહાત્ય મહાત્ય રામ નમઃ ॥**

આપના જીવનમાં આપનો વિજય થાય એ માટે ઉપર આપેલ મંત્રસાધના વિજયાદશમીથી શરૂ કરીને ૧૫ દિવસ સુધી કરવી. ઉપર આપેલ મંત્રની રોજ એક માળા કરવી. આ મંત્રસાધના આપ કોઈપણ સમયે કરી શકો છો.

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

## સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

આજીવિક **ધર્મ** પુનઃ ઉત્થારક



ૐકાર संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

27 સપ્ટેમ્બર, 2026
રવિવાર

**શુભ સમય**

સવારે 10 થી
બપોરે 1 કલાક સુધી

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્રઃ 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org



RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**